ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# શહેરના આંતરિક માર્ગોની સુધારણા માટે ૨૦ કરોડ ખર્ચાશે

## દહેગામના ૬૫ પેટા પર આજે પણ ડામર માર્ગથી વંચિત : કર્મચારીઓને રાહત દરે પ્લોટ આપવાની કોઈ વિચારણા નથી, આ માટે જમીન પણ સંપાદન કરવામાં નથી આવી : નીતિન પટેલ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરના આંતરિક માર્ગોની સુધારણા અંગે ભાજપના શ્રી અશોક પટેલે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં માર્ગ-મકાન મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે શહેરના સે. ૬, ૭, ૮, ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭ તથા સે. ૨૦થી ૩૦ના આંતરિક રસ્તાઓની સુધારણાનું કામ હાલ ચાલી રહેલ છે.

તેમણે પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે આ કામગીરી હાલ ચાલુ છે અને બનતી ત્વરાએ તે પૂર્ણ કરી દેવામાં આવશે.



**વિધાનસભામાં ગાંધીનગર**

**- પ્રકાશ જહા**

મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે અન્ય પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે અંદાજે રૂ. ૨૦ કરોડ જેટલો ખર્ચ આ કામગીરી પાછળ થશે.

**● રાહતદરે પ્લોટ આપવા અંગે**

કોંગીના ધારાસભ્ય શ્રી નટવરસિંહ ઠાકોરે ગાંધીનગરમાં બિન બદલીપાત્ર સરકારી કર્મચારીઓ-અધિકારીઓને રાહતદરે પ્લોટ ફાળવવા અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે હાલ આવી કોઈ વિચારણા નથી અને આ પ્લોટ ફાળવણી માટે કોઈપણ પ્રકારની જમીન સંપાદિત કરેલ નથી.

સરકારે પ્લોટ ફાળવણીના બે પૂરક પ્રશ્નોના ઉત્તરમાં પણ જણાવ્યું છે કે આવુ આયોજન જ ન હોવાથી અન્ય કોઈ પ્રશ્નો ઉપસ્થિત થતા નથી.

**● દહેગામમાં નદી પર પુલોનું બાંધકામ**

કોંગીના ધારાસભ્ય શ્રીમતિ કામિનીબા રાઠોડે દહેગામ તાલુકામાંથી પસાર થતી મેશ્વો અને વાત્રક નદી પર પુલોના બાંધકામ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં માર્ગ-મકાન મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે હાલમાં આવી કોઈ આયોજન નથી.

શ્રીમતિ રાઠોડે હરસોલી ગામે નદીનો પુલ અને વાત્રક નદી પર બારીયા ગામે લૉ લેવલ બ્રીજ બનાાવવાના આયોજનને લઈ પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો.

**● ડામરથી વંચિત પેટા પરા**

કોંગીના શ્રીમતિ કામિની બા રાઠોડે દહેગામ તાલુકાના ડામર માર્ગથી વંચિત પેટા પરાને લઈ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં માર્ગ મકાન મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે દહેગામ તાલુકામાં ૬૫ જેટલા પેટાપરા આજે પણ ડામર માર્ગથી વંચિત છે.

આ પેટાપરાઓને તાંત્રિક જરૂરિયાત, આંતરિક અગ્રતાક્રમ અને નાણાંકીય ઉપલબ્ધતા અનુસાર આયોજન કરી માર્ગથી સાંકળવામાં આવશે.



વરસાદના વાવડ - પ્રકૃતિના પરિવર્તનની સીધી અસર અબોલ પશુ-પંખીઓ અને જીવજંતુઓ પર તરત થાય છે. વરસાદ આવવાનો થાય ને કીડી-મંકોડા, દેડકા, તીતીઘોડો આ તમામની હિલચાલ પર સીધી અસર વર્તાય છે... આજકાલ ગાંધીનગરની આસપાસ તીતીઘોડા ખેતરોમાં દેખાવા લાગ્યા છે... નગરના કેટલાક બાગ-બગીચાઓમાં અને છોડ પરનું આગમન વરસાદના એંધાણા આપે છે.... (તસવીર : કશ્યપ નિમાવત)

# આજથી ધો ૧૦-૧૨ની પુરક પરીક્ષામાં ૯૪૧૧ વિદ્યાર્થીઓ

## જિલ્લામાં ૧૮ બિલ્ડીંગોમાં પરીક્ષાની કાર્યવાહી હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૯

આજથી ધો. ૧૦ અને ૧૨ની પુરક પરીક્ષાનો પ્રારંભ થશે. જિલ્લામાં કુલ ૯૪૧૧ જેટલા વિદ્યાર્થીઓ બોર્ડની આ પુરક પરીક્ષા આપશે. જિલ્લાના ૧૮ બિલ્ડીંગોમાં પરીક્ષાની કાર્યવાહી હાથ ધરાશે જ્યારે પરીક્ષા દરમિયાન કોઈ ગેરરીતિ ન થાય તે માટે પ્રત્યેક કેન્દ્રો પર સ્કોવોર્ડની ટીમ રાઉન્ડ લેશે.

ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધો. ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાના અંતે ગત જૂન મહીનામાં પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જ્યારે આ પરીક્ષાના અંતે એકાદ વિષયમાં નિષ્ફળ રહ્યા હોય તેવા વિદ્યાર્થીઓ માટે બોર્ડ દ્વારા પુરક

● અનુસંધાન પાન-૭ પર

# વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૫માં સિંગાપોર પાર્ટનર કન્ટ્રી બનશે

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલને આજે સિંગાપોરના ભારત સ્થિત કોન્સ્યુલ જનરલશ્રી અજિતસિંઘે ગાંધીનગરમાં મળીને આગામી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૫માં પાર્ટનર કન્ટ્રી બનશે તેવી જાણકારી આપી હતી. શ્રી અજિતસિંઘે આ સમિટમાં સિંગાપોરનું વેપાર-ધોગ ક્ષેત્રનું પ્રતિનિધિમંડળ ભાગ લેવા ગુજરાત આવશે તેમ પણ મુખ્યમંત્રીશ્રીને જણાવ્યું હતું.



મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની આઠ મહાપાલિકાના મેયરશ્રીઓ સહિતના ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળના સિંગાપોરના અર્બન ગર્વનન્સ અને અર્બન પ્લાનિંગ ક્ષેત્રના અભ્યાસ પ્રવાસના આયોજન માટે કોન્સ્યુલ જનરલશ્રી સાથે વિગતે પરામર્શ કર્યો હતો.

શ્રીમતી આનંદીબહેન પટેલે ગુજરાતની તથા સિંગાપોરની વિવિધ યુનિર્વસિટીઓના વિદ્યાર્થીઓની સ્ટુડન્ટસ એકસચેન્જ પ્રોગ્રામ અન્વયે પરસ્પર સ્ટડી ટૂર ગોઠવવાની દિશામાં પણ શ્રી અજિતસિંઘ વિચાર-વિમર્શ કર્યો હતો.

સિંગાપોરના ભારતસ્થિત કોન્સ્યુલ જનરલશ્રી અજિતસિંઘે

● અનુસંધાન પાન-૭ પર

# ઈન્ફોસીટી નજીક પ્રમુખ આર્કેડના મીટર બોર્ડમાં અચાનક આગ લાગતા નાસભાગ

## શોર્ટસરકીટ થતાં મીટર બોર્ડ સળગી ઉઠ્યા હોવાનું પ્રાથમિક તારણ : આગ પ્રસરે અને મોટુ નુકસાન થાય તે પહેલા ગાંધીનગર ફાયર બ્રિગેડે આગ કાબુમાં લઈ લીધી : પ્રમુખ આર્કેડમાં ત્રીજીવાર આગની ઘટના



ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીક ઈન્ફોસિટીથી કુડાસણ જવાના માર્ગ પર આવતા પ્રમુખ આર્કેડના મીટર બોર્ડ આજે બપોરના અરસામાં અચાનક સળગી ઉઠતા નાસભાગ મચી જવા પામી હતી. ફાયરબ્રિગેડને કોલ મળતા ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોચી ગઈ હતી. મીટર બોર્ડમાં લાગેલી આગ દુકાનોને લપેટમાં લે અને મોટું નુકશાન થાય તે પહેલા જ ફાયરબ્રિગેડની ટીમ દ્વારા આગને કાબુમાં લેવામાં સફળતા મળી હતી. મીટર બોર્ડમાં શોર્ટસર્કિટ થવાને કારણે આગ લાગી હોવાની સંભાવના ફાયર ઓફિસરે વ્યક્ત કરી છે. સદ્દભાગ્યે આ દુર્ઘટનામાં કોઈ જાનહાની કે મોટું નુકશાન થવા

● અનુસંધાન પાન-૭ પર

# અમિત શાહનો મુખ્યમંત્રીના આનંદીબેનના હાર્દિક અભિનંદન

ગાંધીનગર, તા.૯

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે નારણપુરા વિધાનસભા મતક્ષેત્રના વિધાયક શ્રી અમિતભાઈ શાહને ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નિયુકત થવા અંગે અંતઃકરણ પૂર્વકની શુભેચ્છાઓ પાઠવી છે.

મુખ્યમંત્રીશ્રીએ શ્રી અમિતભાઈ શાહે ૧૯૮૩માં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદથી રાજકીય કારકીર્દીની શરૂઆત કરીને ૧૯૮૬માં ભારતીય જનતા પાર્ટીમાં પદાર્પણ કર્યું તેનો ઉલ્લેખ કરતાં શ્રી અમિતભાઈની ભારતીય જનતા પાર્ટી યુવા મોરચામાં વોર્ડ સેક્રેટરી-તાલુકા સેક્રેટરીથી શરૂ કરીને રાષ્ટ્રીય મહામંત્રી તરીકેની કુશળ સંગઠન શકિતની પ્રસંશા કરી છે.

શ્રીમતી આનંદીબહેન પટેલે તાજેતરની લોકસભા ચૂંટણીઓમાં ઉત્તર-દેશમાં પ્રભારી તરીકે શ્રી અમિતભાઈ શાહે ભારતીય જનતા પાર્ટીની અભૂતપૂર્વ વિજય પતાકા

● અનુસંધાન પાન-૭ પર

## ખૂણે... ...ખાંચરેથી

- બલરામભવન ખાતે પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ વેદાંતાચાર્ય ફુલશંકર શાસ્ત્રીના આચાર્યપદે પર્જન્ય યજ્ઞ ૧૧મીએ કિસાનસંઘ દ્વારા યોજાયો છે.
- કોંગ્રેસ પ્રમુખ શ્રી ધુળાજી ઠાકોર ચારધામની યાત્રાએ જઈ રહ્યા હોવાથી ગંગાપૂજન અને ધાર્મિક વિધિ ૧૩મીએ તેમના વતન શેરીસામાં કરાવી રહ્યા છે.
- ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગોની સ્ટ્રીટલાઈટો ઘણી બધી બંધ રહેતી હોવાની ફરિયાદો ઉઠી રહી છે.
- ''આ ફેમીલી કોમેડી છે'' તેવું સંજય ગોરડિયાનું નાટક કલ્ચરલ ફોરમના સભ્યો માટે શરૂ થયું છે જે નવ દિવસ ચાલશે.

# સ્વસ્થ વિદ્યાર્થી અન્વયે જિલ્લાની શાળાઓમાં નિર્મળ અભિયાન

## સ્વચ્છ વિદ્યાર્થી સ્વસ્થ વિદ્યાર્થીના અભિગમ સાથે સંપૂર્ણ શાળા સફાઈ : વિવિધ સ્પર્ધાઓનું પણ આયોજન

ગાંધીનગર, તા.૯

ગતિશીલ ગુજરાતના ૧૦૦ દિવસીય અભિયાન અન્વયે જિલ્લામાં નિર્મળ શાળાઓનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જે અન્વયે શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો સહીતના મેનપાવરના માધ્યમથી વ્યકિતગત સફાઈથી લઈ મેદાન સફાઈસુધીની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જયારે આ અન્વયે શાળાઓમાં ચિત્ર તેમજ વકતૃત્વ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

રાજયની શાળાઓમાં ગતિશીલ ગુજરાતના સો દિવસ અંતર્ગત સ્વચ્છતાલક્ષી ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે ગાંધીનગર જિલ્લામાં પણ આ અભિયાનને વેગ આપવામાં આવ્યો

● અનુસંધાન પાન-૭ પર

# ભારતીય તટરક્ષક દળના આઈ.જી. શેરોન મુખ્યમંત્રીની મુલાકાતે

ગાંધીનગર, તા.૯

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની આજે ભારતીય તટરક્ષક દળના ઉત્તર-પશ્ચિમ ક્ષેત્રના ઈન્સ્પેકટર જનરલ ટી. એમ. કમાન્ડન્ટ શ્રી કુલદીપસિંગ શેરોને ગાંધીનગરમાં સૌજન્ય



મૂલાકાત લીધી હતી. ૧૬૦૦ કિ.મી. લાંબો દરિયા કિનારો ધરાવતા ગુજરાતની સમુદ્રી સીમા સુરક્ષા અને રાજય સરકાર સાથેના સંકલન અંગે મુખ્યમંત્રીશ્રી સાથે શ્રી કુલદિપસિંગે મુખ્યમંત્રીશ્રી સાથેની મૂલાકાત દરમ્યાન પરામર્શ કર્યો હતો.

આ મૂલાકાત બેઠકમાં ગૃહના અધિક મુખ્ય સચિવ ડો. સુદીપકુમાર નંદા, મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી જી. સી. મુર્મુ વગેરે પણ ઉપસથિત રહયા હતા.

# અમિત શાહની વરણીને ગુજરાત ભાજપે ફૂલડે વધાવી

## શ્રી કમલમ્ ખાતે મંત્રીઓ, પ્રદેશ હોદ્દેદારો અને કાર્યકરો મોડી સંખ્યામાં ઉમટી પડયા : ઢોલ નગારાના તાલે કાર્યકરો નાચ્યા : ફટાકડા ફોડી મીઠાઈઓ વહેંચી






ગાંધીનગર, તા.૯

ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રિય સંસદીય બોર્ડ દ્વારા અમિત શાહની રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની જાહેરાત થતાની સાથે જ ગાંધીનગરમાં કોબા રોડ પર આવેલ ભાજપ પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્' ખાતે ઢોલનગારાના તાલે ફટાકડા ફોડીને તેમજ મીઠાઈઓ વહેંચીને ઉજવણી કરાઈ હતી. અમિત શાહની રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની પસંગીની જાહેરાત કેન્દ્રિય ગૃહ પ્રધાન અને તત્કાલીન રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથસિંહ દ્વારા કરવામાં આવી હતી. શ્રી કમલમ્ ખાતે મોટી સંખયામાં ભાજપના હોદ્દેદારો અને કાર્યકરો ઉમટી પડયા હતા.

ગાંધીનગર કોબા હાઈવે પર આવેલ ભાજપ પ્રદેશ કાર્યાલયશ્રી કમલમ્ ખાતે અમિત શાહની રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની વરણીને વધાવવા પ્રદેશ ઉપાધ્યક્ષો કૌશિકભાઈ પટેલ અને આઈ.કે. જાડેજા, સંગઠન મહામંત્રી ભિખુભાઈ દલસાણિયા, મહામંત્રી ભરતસિંહ પરમાર, મહામંત્રી ભરતભાઈ પંડયા, યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ પ્રદિપસિંહ વાઘેલા સહિત પ્રદેશના તમામ હોદ્દેદારો ઉજવણીમાં જોડાયા હતા. આ ઉપરાંત રાજય સરકારના મંત્રીઓ બાબુભાઈ બોખીરીયા, ગણપતભાઈ વસાવા, રજનીભાઈ પટેલ, દિલીપસિંહ ઠાકોર, ગોવિંદભાઈ પટેલ સહિત ધારાસભ્યો પણ આ સાથે

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



અમારા પિતાશ્રી **લઘુભા માવજીભા ચાવડા**નું અવસાન તા. ૩/૭/૨૦૧૪ને ગુરૂવારના રોજ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧૧/૭/૨૦૧૪ને શુક્રવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે** નીચેના નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન : પ્લોટ નં. ૫૯૩/૨, સેક્ટર-૫/બી, ગાંધીનગર**

**બિપીનસિંહ ચાવડા (પુત્ર)** **જીતેન્દ્રસિંહ ચાવડા (પૌત્ર)**
**દિલીપસિંહ ચાવડા (પુત્ર)** **ભરતસિંહ પઢિયાર (ભાણેજ)**
**મહેન્દ્રસિંહ ચાવડા (પુત્ર)** **રોનકસિંહ ચાવડા (પૌત્ર)**
**વનરાજસિંહ ચાવડા (પૌત્ર)**

**ગં.સ્વ. લીલાબા લઘુભા ચાવડા (પત્ની)**

## ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

**મધુર ડેરી, ઈલેક્ટ્રોનિક એસ્ટેટ, સેક્ટર-૨૫ 'ક' રોડ, ગાંધીનગર-૩૮૨૦૨૩**

**ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ : ૨૩૨૮૭૧૪૦**

**મીઠાઈના બોક્ષ, આઈસ્કીમ કાર્ટુન તથા પ્રિન્ટેડ આઈસ્કીમ પેકીંગ મટીરીયલ્સ વાર્ષિક ધોરણે પુરા પાડવા માટે**

મધુર ડેરીને ઉપરોક્ત મટીરીયલ્સના સપ્લાયનો વાર્ષિક ધોરણે તા. ૧/૮/૨૦૧૪થી તા.૩૧/૭/૨૦૧૫ના સમયગાળાનો કોન્ટ્રાક્ટ આપવાનો છે. રસ ધરાવતા ઈસમોએ રૂ.૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા - નોન રીફન્ડેબલ) રોકડા ભર્યેથી અલગ-અલગ જે તે વસ્તુના ટેન્ડર ફોર્મ ઓફીસ સમય ૧૦-૦૦ થી ૧૬-૦૦ કલાક દરમિયાન (રજાના દિવસ સિવાય) તા. ૧૬/૭/૨૦૧૪ સુધી મેળવી શકાશે. સદર ભરેલા ટેન્ડર ફોર્મ રૂ. ૧૦,૦૦૦/-ના (અંકે રૂપિયા દસ હજાર પુરા- રીફન્ડેબલ) અળગ-અલગ ડીમાન્ડ ડ્રાફ્ટ સાથેના સીલબંધ ટેન્ડર ફોર્મ તા. ૧૭/૭/૨૦૧૪ને ૧૬-૦૦ કલાક સુધીમાં રૂબરૂમાં પહોંચાડવાનું રહેશે. ત્યારબાદ આવેલ સીલબંધ ટેન્ડર કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહિ. ટેન્ડર કે ટેન્ડરમાંના ભાવ/ઓફર સ્વીકારવા કે નહિ તેનો અબાધિત અધિકાર મેનેજીંગ ડિરેક્ટરશ્રીનો રહેશે.

**મેનેજીંગ ડિરેક્ટરશ્રી**

## નામ બદલેલ છે

મારું જુનું નામ કનૈયાલાલ સોમાભાઈ પંચાલ હતું તે બદલીને મારું નવું નામ કનુભાઈ સોમાભાઈ પંચાલ રાખેલ છે.

સ્થળ : બી-૩૮, દેવભૂમિ સોસાયટી, મોડાસા, જી. અરવલ્લી

**ટચુકડી જાહેર ખબર**

**દર ગુરુવારે-રવિવારે**

**ગાંધીનગર સમાચાર**

**ફોન : ૨૩૨૨૨૫૭૧,**
**ફેક્સ : ૨૩૨૩૦૫૭૧**

ADITYA BIRLA GROUP

લીકેજ-મુક્ત ઘરો માટે

UltraTech SEAL & DRY Total Waterproofing Solution

Waterproofing ka champion

**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**

**એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર**

**કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.**

**મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.**

SANGHI CEMENT

KisaN

ashirvad C. PVC, UPVC

TATA STEEL • PIPES • SHEETS

VINAYAK 500 TMT BARS - ISI

BENELAVE BATH FITTINGS

DR.FIXIT

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ**

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

**પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.**
**ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬**

**શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬**
**સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭**

**સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ**

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com